જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૧/૨૦૨૩ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૪/૨૦૨૩**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૨૧/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧ | ૬૨,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૭/૨૦૨૩**

**દાણીલીમડાઃ** રીઝવાન સ/ઓ રેહમાનભાઇ મીર્ઝા (રહે. સંતોષનગર ચાર માળીયા બહેરામપુરા દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૩ કલાક ૧/૦૦ થી ૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની ગેલરીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રીઝવાન મીર્ઝાના પિતાના ઝભ્ભાના ખીસામાંથી રોકડ રૂપિયા ૩૯,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૮/૨૦૨૩**

**ઓઢવઃ** વિરમરામ પકારામ ચૌધરી (ઉ.વ.૩૧) (રહે. રાધેક્રિષ્ણા સ્ટેટસ દેવસ્ય સ્કુલ પાસે સિંગરવા ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ સિંગરવા દેવસ્ય ઇન્ટર નેશનલ સ્કુલ પાસે પાર્ક કરેલ એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,૩૦,૦૦૦/- તથા જરૂરી કાગળોની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૯/૨૦૨૩**

**"એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નયનાબહેન દિલીપભાઇ શાહ (ઉ.વ.૭૫)(રહે.શાંતિવર્ધક એપાર્ટમેન્ટ નવા શારદા મંદીર રોડ પાલડી) તા.૨૦/૦૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પાલડી નવા શારદા મંદીર રોડ, આમ્રપાલી શોપીંગ સેન્ટર પાસે ચાલતા પસાર થતા હતા. દરમ્યાન અજાણ્યા કારના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી લાવી, નયનાબહેનને ટક્કર મારતા, નયનાબહેનને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને અસારવા સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નયનાબહેનના પતિ દિલીપભાઇ શાહ એ "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.પી.સાગઠીયા ચલાવે છે.

**સાતમાં માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૦/૨૦૨૩**

**નરોડાઃ** નિર્મીતા ઉર્ફે નીધી સુરેશભાઈ સોલંકી (ઉ.વ.૧૯) (રહે. ગણેશવાટીકા નરોડા જી.ઈ.બી. રોડ નરોડા) તા.૨૧/૦૧/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકના સાતમા માળે સીડીના ભાગે ગેલેરીમાં કપડાં સુકવતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શેલ્બી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મ્રુત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૧/૨૦૨૩**

**નરોડાઃ** ઓમપ્રકાશ મોહનસ્વરૂમ જાટપ (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-શાહજહાપુર તા-દેહાંત જી-કાનપુર ઉતરપ્રદેશ) તા.૨૦/૦૧/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૨૧/૦૧/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા જીઆઈડીસી ફેઝ-૨ ચામુંડા કેમીકલ નામની કંપની પાછળ ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨/૨૦૨૩**

**વેજલપુરઃ** અનીશખાન સ/ઓ મહેંદીહસન શેખ (ઉ.વ.૨૨) (રહે. સુમિત ફ્લેટ સાહીસ્તા ફ્લેટની બાજુમાં જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પેટના ભાગે છરી વડે ઈજાઓ કરતા સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેશકુમાર સ્વરૂપસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી